આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
સુસ્વાગતમ HAPPY NEW YEAR 2013
Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૯૨ | ૧ જાન્યુઆરી, ૨૦૧૩, મંગળવાર; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના અર્થતંત્ર પર આર્થિક મંદીના પડછાયા

## ધિરાણમાં રૂા. સાતસો કરોડનો ઘટાડો; ડિપોઝીટમાં રૂા. ૮૦૦ કરોડનો વધારો અને ક્રેડિટ ડિપોઝીટ રેશિયોમાં ૪ ટકાનો ઘટાડો

ગાંધીનગર, તા. ૩૧

વૈશ્વિક આર્થિક મંદીની લપેટમાં ગાંધીનગર જિલ્લો પણ બાકાત રહ્યો નથી. એટલું જ નહીં હવે લોકે જે છે તેમાંથી વધુ ને વધુ બચત થાય તેમાં વ્યસ્ત બન્યા છે. સપ્ટેમ્બર અંતિત જિલ્લાના ક્રેડિટ ડિપોઝીટમા રેશિયોમાં ૪ ટકા જેટલો ધરખમ ઘટાડો નોંધાયો છે.

જિલ્લાના અર્થતંત્ર સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લામાં ધિરાણોમાં રૂા. ૭૦૦ કરોડનો માતબર ઘટાડો નોંધાયો છે અને તેને કારણે રોજગારી નિર્માણ સહિતના વિવિધ પાસાઓ પર પણ અસર પડવા પામી છે.

જિલ્લામાં ધિરાણ માટેનો જે એક્શન પ્લાન બનાવાયો હતો તે પણ ખોરવાઈ જવા પામ્યો છે. અગ્રતા ધરાવતા ક્ષેત્રમાં પણ રૂા. ૨૦૦ કરોડ જેટલું થયું હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના અર્થતંત્ર પર મંદીની અસરો એટલી ઘેરી પડી રહી છે કે હવે લોકો બચતો તરફ વધુ વળ્યા છે. અને બેંકોની ડિપોઝીટોમાં રૂા. ૮૦૦ કરોડનો વધારો નોંધાયો છે પણ ધિરાણ સતત ઘટી રહ્યા છે.

જિલ્લામાં અનિયમિત ચોમાસાને પગલે પાક ઉત્પાદનમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. સરકારની વિવિધ યોજનામાં પણ ધિરાણો જે થવા જોઈએ તેમાં ઘટાડો નોંધાયો હોવાનું પણ ચિત્ર ઉપસી રહ્યું છે.

ધિરાણોમાં ખાનગી બેંકો દ્વારા લાદવામાં આવતી આકરી શરતોને લઈને પણ ધિરાણ ઘટ્યા હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સરકારી યોજનાઓમાં ખાસ કરીને ખાનગી બેંકો દ્વારા ધિરાણમાં ઘણું ઉદાસીન વલણ દાખવવામાં આવી રહ્યું છે.

ક્રેડિટ ડિપોઝીટ રેશિયોમાં નોંધાયેલો ચાર ટકાનો ઘટાડો ચિંતાજનક જરૂર લેખાવી શકાય તેવું અર્થશાસ્ત્રીઓનું માનવું છે. વિદાય લેતા ૨૦૧૨ના વર્ષ દરમ્યાન જિલ્લામાં રોજગારીની તકોનું જે નિર્માણ થવું જોઈએ તે થયું નથી. આ ઉપરાંત ધિરાણો જે ઘટી રહ્યા છે એનો સીધો અર્થ થાય કે લોકો હવે દેવાનું ભારણ વધારવા મૂડમાં નથી. એટલું જ નહીં જે છે તે સાચવી રાખવાની સીધી રણનીતિ હવે અપનાવવાનું લોકોએ વધુ મુનાસિબ માન્યું છે.

સામાન્યતઃ રોકાણો જે મકાન કે અન્ય ક્ષેત્રોમાં કરતા હતા તેમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. આ પખવાડિયામાં જિલ્લા અર્થતંત્રને પુનઃ ધબકતું કરવા માટેનું ચિંતન કરવા જિલ્લા તંત્ર દ્વારા બેઠક યોજવા માટેની વિચારણા હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના પ્રમુખ મંગીબેન પટેલે રાજીનામું આપી પુનઃરચનાનો માર્ગ મોકળો કર્યો

## આગામી ૧૫મીએ યોજાનાર સામાન્ય સભામાં સમિતિઓની પુનઃરચનાનો એજન્ડા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલે આજે



તેમના હોદ્દા પરથી રાજીનામું આપતો પત્ર જિલ્લા પ્રમુખ શ્રી જશુભા રાણાને સુપ્રત કર્યો હોવાને લઈ પંચાયતના વર્તુળોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

શ્રીમતી પટેલના નીકટવર્તી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયતના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યાને બે વર્ષની મુદત પુરી થતાં તેમણે તેમના હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે.

શ્રીમતી પટેલે સમિતિઓની પુનઃરચના તેમજ નવા હોદ્દેદારોની પસંદગીનો માર્ગ મોકળો કરવા માટે તેમના હોદ્દાનું રાજીનામું આપ્યું હોવાનું પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

શ્રીમતી પટેલે તેમના રાજીનામાનો પત્ર પક્ષ પ્રમુખને આપ્યો છે એટલે તેમણે પક્ષની સર્વોપરિતા સ્વીકારી છે એટલું જ નહીં હોદ્દા માટે જો કોઈ અન્યને તક અપાય તો પણ તેમને વાંધો નહીં હોય તેવું સ્પષ્ટ રાજીનામાના પત્રમાં લખ્યું હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી ૧૫મીએ મળનારી સામાન્ય સભામાં પંચાયતની વિવિધ સમિતિઓની રચનાનો મુદ્દો એજન્ડામાં સમાવાયો છે. કોંગ્રેસ પક્ષે આ મુદ્દે સમિતિઓની રચનાનો મુદ્દો એજન્ડામાં સમાવાયો છે. કોંગ્રેસ પક્ષે આ મુદ્દે સમિતિઓની પુનઃ રચના અંગે પ્રદેશ કક્ષાએથી બે નિરીક્ષકોની નિમણૂંક પણ કરી દેવામાં આવી છે અને સપ્તાહના અંતે અથવા તો આગામી સપ્તાહના આરંભે નિરીક્ષકો ગાંધીનગર આવી પંચાયતના સભ્યોને રૂબરૂ મળી તેમના મન જાણ્યા બાદ સમિતિઓની પુનઃ રચનાની કવાયત હાથ ધરશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે અગાઉ જ્યારે સમિતિઓના ચેરમેનોની નિયુક્તી પૂર્વે થયેલા વિવાદ ટાણે પણ પંચાયત પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલે રાજીનામું આપ્યું હતું પરંતુ તેમની મુદત બે વર્ષની નિયત થઈ હોવાથી રાજીનામું તે વેળાએ સ્વીકારવામાં આવ્યું ન હતું.




જૂનાનું ગમન અને નવાનું આગમન - પ્રકૃતિનો નિયમ. એકનું જવું ને બીજાનું આવવું. એમ જ વર્ષ ૨૦૧૨ની વિદાય થઈ અને નવું નક્કોર વર્ષ ૨૦૧૩ આવીને ઊભું છે. એ સૌને સર્વ રીતે ફળે એવી શુભકામનાઓ. (તસવીર : દિપક જાની)



ઠંડીના પ્રમાણમાં વધઘટ થયા કરે છે, પણ તેમ છતાં ઠંડીનું પ્રમાણ સહ્ય તો નથી જ, એમાંય બે દિવસથી પવન ફુંકાવો શરૂ થયો છે જે કારણે ઠંડીનો પારો નોંધાય છે એના કરતાં ઠંડી લાગે છે વધારે. હજુ બે દિવસ આકરી ઠંડી પડશે એવા અહેવાલ છે. (તસવીર : દિપક જાની)

# સચિવાલયમાં શુભેચ્છકો ઉમટયા મંત્રીઓની કેબીનો ફૂલોથી મહેંકી ઊઠી

ગાંધીનગર, તા.૩૧

સચિવાલયના બ્લોક નં.૧ અને ૨માં મંત્રીઓની કેબીનો આજે ગુલદસ્તાઓથી સુશોભિત બની ગઈ હતી અને મોટી સંખ્યામાં શુભેચ્છકો મંત્રીઓને શુભેચ્છા પાઠવવા ઉમટયા હતા.

વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવીને ભાજપ પુનઃ સત્તા સ્થાને આવ્યું છે. મંત્રી મંડળની રચના કરવામાં આવ્યા બાદ ગત શનિવારે મંત્રીઓને ખાતાઓની ફાળવણીઓ કરવામાં આવી હતી.

મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવ્યા બાદ આજે વિધીવત રીતે મંત્રીઓએ તેમનો કાર્યભાર સંભાળ્યો હતો. મંત્રીઓએ કાર્યભાર સંભાળતા જ વિભાગના અધિકારીઓ અને શુભેચ્છકો શુભેચ્છા પાઠવવા ઉમટયા હતાં.

આજે દિવસભર સચિવાલયના બ્લોક નં. ૧ અને ૨માં આવેલી મંત્રીઓની ચેમ્બરોમાં શુભેચ્છકોના ટોળાઓ જોવા મળ્યા હતાં. શુભેચ્છકો અને અધિકારીઓએ મંત્રીઓને ફૂલહાર અને ગુલદસ્તાઓ આપીને શુભેચ્છાઓ પાઠવતાં મંત્રીઓની ચેમ્બરો આજે ફુલદસ્તાથી મહેકવા લાગી હતી.

એકતરફ શુભેચ્છકો મંત્રીઓને શુભેચ્છા પાઠવી રહ્યા હતાં ત્યારે બીજી બાજુ મંત્રીઓના કાર્યાલયમાં પી.એ.પી.એસ. તરીકે બેસવા ઈચ્છુક અધિકારીઓ અને વર્ગ-૩ના કર્મચારીઓ પણ મંત્રીઓની મુલાકાત લઈને તેમના બાયોડેટાઓ આપતા નજરે પડતા હતાં.

આજે આખો દિવસ મોટા ભાગના તમામ મંત્રીઓ શુભેચ્છાઓ સ્વીકારવામાં જ વ્યસ્ત રહ્યા હતાં. જો કે બપોર બાદ કેટલાક મંત્રીઓએ પોતાના વિભાગોના અધિકારીઓ સાથે બેઠકો કરીને અધિકારીઓ સાથે પરિચય કેળવ્યો હતો અને વિભાગની કામગીરી અંગેની વિગતો પણ મેળવી હતી.

# ઉષાબેન પટેલે અન્યાયના મુદ્દે જિલ્લા પંચાયતના સભ્યપદેથી રાજીનામું આપ્યાના અહેવાલ

## પક્ષમાંથી રાજીનામું આપનારાઓ અંગે વિગતવાર અહેવાલ માગતું પ્રદેશ મોવડી મંડળ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની કોલવડા બેઠક પરથી ચૂંટાઈ આવેલા શ્રીમતી ઉષાબેન મનુભાઈ પટેલે પંચાયતના સભ્યપદેથી રાજીનામું આપતો પત્ર જિલ્લા પંચાયત પ્રમુખને મોકલી આપ્યો છે.

શ્રીમતી ઉષાબેન પટેલે પોતાના રાજીનામાના પત્રમાં જણાવ્યુંછે કે રેતી-કાંકરીની ગ્રાન્ટ હોય, ૧૩મા નાણાં પંચની ગ્રાન્ટ હોય કે આયોજન મંડળની વિવિધ ગ્રાન્ટ હેઠળ હાથ ધરવાના થતા વિકાસનાં કામોમાં તેમના વિસ્તારને સતત અન્યાય કરવામાં આવતાં તેમને નાછૂટકે આ પગલું ભરવાની ફરજ પડી છે.

શ્રીમતી પટેલે પત્રમાં જણાવ્યું



છે કે આ મુદ્દે જિલ્લા નેતાગીરી સમક્ષ વારંવાર મૌખિક રજૂઆતો પછી પણ પ્રશ્નોના ઉકેલ માટે કોઈ જ સકારાત્મક અભિગમ નેતાઓએ અપનાવ્યો ન હોવાથી તેમણે તેમના હોદ્દા પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.

આજે શ્રીમતી ઉષાબેન પટેલના આ રાજીનામાના મુદ્દે કોંગી આગેવાનોમાં ગુફતેગો થતી જોવા મળી હતી. જોકે જિલ્લા નેતાગીરીએ આ મુદ્દે મૌન ધારણ કરી લીધું છે અને કોઈ જ કશું બોલવા તૈયાર નથી.

શ્રીમતી ઉષાબેન પટેલ પ્રથમથી જ અસંતુષ્ટ જૂથના અગ્રણી રહ્યા હતા. તેમના આ રાજીનામાના નિર્ણયને લઈ હજુ કોઈ સત્તાવાર સમર્થન મળતું નથી. જોકે તેમના નીકટવર્તી વર્તુળો કહી રહ્યા છે કે તેમણે રાજીનામાનો પત્ર આપી દીધો છે. હવે નિર્ણય મોવડીમંડળે કરવાનો છે.

તાલુકા પંચાયતની આવી રહેલી ચૂંટણીઓ પૂર્વે જ જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે શ્રીમતી પટેલે આપેલા રાજીનામાને પગલે જિલ્લામાં ઝડપથી રાજકીય સમીકરણો બદલાતા જોવા મળશે તેવી રાજકીય પંડિતોની આગાહી સાચી પડશે તેવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

તાલુકા પંચાયતની ચૂંટણી અંગે કોંગ્રેસ પક્ષે હજુ તેની રણનીતિ અંગે કોઈ જ વિચારણા હાથ ધરી નથી.

વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથી કોર્પોરેટરોના રાજીનામા પછી જિલ્લા પંચાયતના સદસ્યાના આ રાજીનામાએ રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ સમિતિએ વિધાનસભાની ચૂંટણી પહેલાં, દરમ્યાન અને પછી પક્ષ છોડી જનારાઓ અંગે વિગતવાર અહેવાલ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિ પાસેથી મંગાવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## ૩૧ પીઆઈને ડીવાયએસપી તરીકે બઢતી

ગાંધીનગર, તા.૩૧

રાજ્યના ગૃહ વિભાગે આજે સોમવારે મોડીસાંજે રાજ્ય અનામત પોલીસ દળના ૩૧ પી.આઈ.ને ડીવાય. એસ.પી.માં બઢતી-બદલીના હુકમો કર્યા હતા. રાજ્ય અનામત પોલીસ દળ હથિયારી પીઆઈની બઢતીની ફાઈલ છેલ્લા ઘણા સમયથી ગૃહવિભાગમાં પડી હતી તેને મંજૂરીની મહોર મારી દીધી છે.

# રાજ્યભરમાં નવા વર્ષની ઉજવણીના કાર્યક્રમો રદ

## રાજ્ય પોલીસે ગાઈડલાઈન જારી કરી : અમદાવાદમાં ૪૦થી વધુ કલબો-ફાર્મ હાઉસમાં પાર્ટીઓ કેન્સલ કરાઈ

અમદાવાદ, તા. ૩૧

દિલ્હીમાં બળાત્કારીઓનું નિશાન બન્યા બાદ મોત સામેના જંગમાં માત થયેલી યુવતીના અવસાનને પગલે સમગ્ર દેશમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. સંવેદનશીલ મનાતા ગુજરાતીઓ પણ આ નૃશંસ ઘટના બદલ આઘાત પામ્યા છે.

ગેંગરેપની ધૃણાસ્પદ ઘટના તથા તેના પગલે ગુજરાત પોલીસે તૈયાર કરેલી નવી ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખીને રાજ્ય આખામાં સંખ્યાબંધ કલબો અને પાર્ટી પ્લોટ્સમાં નવા વર્ષની ઉજવણીના કાર્યક્રમો છેલ્લી ઘડીએ રદ કરવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. અમદાવાદમાં ૪૦ ઉપરાંત પાર્ટી પ્લોટ્સ- કલબમાં ઉજવણીના કાર્યક્રમ રદ કરાયા હોવાના સમાચાર સાંપડ્યા છે.

શહેરમાં યુવાનો દ્વારા ઘણા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તે ૩૧મી ડિસેમ્બર આવી ગઈ હોવા છતાં આ વખતે જોરશોરથી નવા વર્ષની ઉજવણી કરવાનો આનંદ મળ્યો ન હતો. કારણ કે દિલ્હી ગેંગરેપની ઘટના બાદ રાજ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે પોલીસે નિયમો અતિ કડક બનાવ્યા હતા. આ નિયમોના પગલે શહેરભરના સંખ્યાબંધ પાર્ટી પ્લોટમાં યોજાયેલી નવા વર્ષની પાર્ટીઓ આયોજકો દ્વારા કેન્સલ કરવામાં આવી હતી.

પ્લોટ વેચવાનો છે
N.A. Noc
Contact 81530 84632
98241 31922

